**ક્રમાંક-૬**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**ગુરુવાર, તા. ૨જી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

ગુરુવાર, તા.૨જી, માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦ અને ૧૧ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીના પ્રશ્ન અગ્રતાક્રમ-૮ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૨ થી ૯૮ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧-૦૦ કલાકે પૂરો થયો.

૨. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સસ્પેન્શનના નિયમના અર્થઘટન અંગે**

તા.૧-૩-૨૦૨૩ ના રોજ નિયમ-૧૧૬ની નોટિસ પર ચર્ચા આપવાની માગણીનો અસ્વીકાર થતા સભાત્યાગ કરી ગયેલ કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીના સભ્યોને ગૃહની કાર્યવાહીમાંથી ૧ દિવસ માટે સસ્પેન્ડ કરવાના નિર્ણયની સામે વાંધો લઇને કોંગ્રેસના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ સંદર્ભમાં ધ્યાન દોરીને પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવતા જણાવ્યું કે, ગઇ કાલે વિપક્ષના સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવાની ઘટનામાં કોઇને નેઇમ કર્યા વગર સીધો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હોવાનું જણાવ્યા ઉપરાંત નિયમ-૫૧ અને નિયમ-૫૨ની જોગવાઇઓ તરફ ધ્યાન દોરી સસ્પેન્શન રદ કરવા વિનંતી કરી. આ બાબતે સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ, રાજ્ય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયા, સભ્યશ્રી રમણલાલ વોરા તથા સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

નિયમ-૫૧ હેઠળની જોગવાઇઓની સ્પષ્ટતા કરતા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે કોઇએ દરખાસ્ત મૂકેલી ન હોય તો પણ તેઓશ્રી નિયમ-૫૧ હેઠળ સીધો નિર્ણય કરી શકે છે. વધુમાં, નિયમ-૫૨માં ન હોય તેવા કિસ્સા એટલે કે ગૃહના અવમાનના કિસ્સામાં સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ થયા બાદ તેનો સ્વીકાર કરવામાં આવે ત્યારે પણ સભ્ય/સભ્યોને નામથી સંબોધન વગર પણ સસ્પેન્ડ કરી શકાય છે તેમ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**(૧)** જી-રાઈડ બેડી પોર્ટ રેલ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

**(૨)** બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

**(૩)** ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો અને તેના ઉપરના ઓડિટ રીમાર્કસ તેમજ તેને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ**

**(૪)** ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને

સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

**(૫)** ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૬-૧૭નો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઈ બેરા**

૪. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી મહેશ કસવાલાએ, સભ્યશ્રી પ્રવિણકુમાર માળીના અનુમોદનથી તા. ૨૩મી, ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો. રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી
(૨) શ્રીમતી નિમિષાબેન સુથાર
(૩) શ્રી અમિત ચાવડા( કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)
(૪) શ્રી રમેશભાઇ કટારા
(૫) શ્રી કેશાજી ચૌહાણ
(૬) શ્રી શિવાભાઇ ગોહિલ
(૭) ડો.જયરામભાઇ ગામીત(પ્રવચન અધૂરું)

( વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૦૦ )

વિરામ બાદ સભ્યશ્રી ડો.જયરામભાઇ ગામીતે તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યા બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

(૮) શ્રી મોહનભાઇ કોકણી
(૯) શ્રી મનુભાઇ પટેલ
(૧૦) શ્રી ડી.કે. સ્વામી
(૧૧) ડો. દર્શનાબેન દેશમુખ
(૧૨) શ્રી સંદીપ દેસાઇ
(૧૩) શ્રી જિગ્નેશ મેવાણી
(૧૪) શ્રી રાજેશકુમાર ઝાલા
(૧૫) શ્રી કનૈયાલાલ કિશોરી
(૧૬) શ્રી સંજયસિંહ મહિડા
(૧૭) શ્રી કમલેશભાઇ પટેલ
(૧૮) શ્રી હેમંતભાઇ આહિર
(૧૯) શ્રીમતી સેજલબેન પંડ્યા
(૨૦) ડો.પ્રદ્યુમન વાજા
(૨૧) શ્રી રમેશભાઇ ટીલાળા
(૨૨) ડો. મહેન્દ્રભાઇ પાડલિયા
(૨૩) શ્રી જનકભાઇ તળાવિયા
(૨૪) શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા
(૨૫) શ્રી ઋષિકેશભાઇ પટેલ(સંસદીય બાબતોના મંત્રીશ્રી)

ત્યારબાદ સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ ચર્ચાનો જવાબ આપ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારા ક્રમાંક-૧ થી ૧૫ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સભાગૃહ, શુક્રવાર તા ૩જી, માર્ચ ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૪-૫૪ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨જી માર્ચ, ૨૦૨૩

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.